# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૨૨ અંક : ૨૮૪**

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૯૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩
email : hydkmm@gmail.com

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર,

માર્ચ મહિનો આવતા ઘણા ખરા વિદ્યાર્થીઓની પરિક્ષાઓ પુર્ણ થઈ ગઈ હશે. ક્લાસ ૭ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓને આજના સમયમાં આગળના ક્લાસના ટ્યુશનો શરૂ થઈ જાય છે. તે ઉપરાંત કેરિયર કાઉન્સેલીંગ સાથે એપ્ટિટ્યુડ ટેસ્ટ કરાવવું પણ અત્યંત જરૂરી છે.

એક સમય હતો જ્યારે, મેટ્રિક પાસ થયા પછી વિદ્યાર્થી પાસે ઓપ્સન બહુ ઓછા રહેતા - બી.એ, બી.એસ.સી અથવા બી.કોમ અને ત્યાર પછી ઈન્જીનીયરીંગ વકિલ કે ડોક્ટર. આજના સમયમાં વિદ્યાર્થીઓ માટે ગણાય નહીં તેટલી તકો છે. દરેક વિદ્યાર્થીમાં કંઈને કંઈ ખૂબી હોય છે કોઈ કાર્ય માટે રૂચી હોઈ શકે, તેનું Mind Mapping કરાવવું જરૂરી છે.

આ aptitude test થી વિદ્યાર્થીની અંદર ખરેખર કઈ ક્ષમતા છુપાયેલી છે તે જાણવા મળી શકે તેમજ તેનું જે સપનું હશે તે સાકાર કરવાની તક મળે. આ દિશામાં કંઈ ત્રુટી હોય તો તે વધારવા માટેનું યોગ્ય માર્ગદર્શન મળી શકે.

વિદ્યાર્થીઓને વકેશનના સમયનો સદ્ઉપયોગ કરવા વિનંતી. તે સાથે વાલીઓને પણ પોતાના બાળકને આ દિશામાં પ્રોત્સાહન આપવા એક અપીલ.



**Wish you a Happy Mahavir Jayanti**

## મહાવીર જયંતીની શુભકામના

## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

નાણાકીય વર્ષ પુર્ણ થવા પામેલ છે, આપણા મંડળનું આવક જાવકનું ખાતુ પુર્ણ કરી ઓડીટ માટે મોકલવામાં આવી ગયેલ છે.

આવનાર નવું નાણાકીય વર્ષ સર્વ માટે આર્થીક રીતે લાભદાઈ રહે એવી શુભકામના.

દેશભરમાં ચુંટણીની પ્રક્રિયા ચાલુ થઈ ગયેલ છે. યોગ્ય રીતે મતનો ઉપયોગ કરી દેશને પ્રગતિના માર્ગ પર અગ્રેસર કરવા પ્રયત્નશીલ બનીયે.

માર્ચ માસ દરમ્યાન મહિલા સમિતિ અને શાન્તિવન સમિતિ આયોજીત એક દીવસીય પર્યટનનું આયોજન કરવામાં આવેલ બન્ને કાર્યક્રમ સફળ રહેલ, સંચાલકોને અભિનંદન.

શાન્તિ પ્રાયમરી સ્કુલ નું સ્પોર્ટ્સ ડે સેલીબ્રેશન કચ્છી ભવન મધ્યે યોજવામાં આવેલ, વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું સુંદર પ્રદર્શન કરવામાં આવેલ.

કચ્છી ભવન મધ્યે ચાલુ કરવામાં આવેલ યોગ-ક્લાસેસ નિયમિત રીતે સવારના ચાલુ છે. સ્વાસ્થ્ય પ્રતિ જાગરૂક રહી નિયમિત ક્લાસેસમાં જોડાવા વિનંતી છે.

આ માટે પોતાનો સમય અને પ્રશિક્ષણ આપનાર શ્રી વિલેશભાઈ ગાલાનું આભાર.

આપણા સમાજની ભક્તિ વીમલ બોરીચા ઓલ ઈન્ડીયા ટેનીસ એસોસીયેશનમાં અન્ડર ૧૬ માં ફર્સ્ટ રેંક આવેલ છે. તથા અન્ડર ૧૮માં ૭ રેન્ક આવેલ છે, સમાજ વતિ અભિનંદન.

મંડળની વાર્ષીક સામાન્ય સભાનું તા ૧૬ જુનના દિવસે આયોજન કરવામાં આવશે.

ભવન મધ્યે સાઈડ હોલ ઉપર પાણીની સ્ટોરેજ ટેન્ક નવી લગાવવાનું કાર્ય અને અન્ય રીપેરીંગ કાર્યો ચાલુ છે.

આ માસ દરમ્યાન નીચે મુજબના અનુદાનો મંડળને પ્રાપ્ત થયેલ છે, દાતા પરિવારોનો આભાર.

રૂા. ૧૧,૦૦૦.૦૦ શ્રી દિપક જેઠુભાઈ કારાણી, ગામ આકોલા
જય અને કીંજલ ના લગ્ન પ્રસંગે શીક્ષણ સહાય

રૂા. ૫૧૦૦.૦૦ શ્રી ધીરેશ તલકશી શાહ પરિવાર માં લગ્ન પ્રસંગે જનરલ ડોનેશન.

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458
BHAVANA TOURS & TRAVELS
RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27
(જા.ખ.)

# સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

ઉનાળો શરૂ થયેલ છે, બાળકોનો વેકેશન પણ શરૂ થઈ ગયેલ છે. કાળઝાળ ગરમીથી બચવા અને ફોર એ ચેન્જ શહેરોમાંથી ફેમિલીઓના ધાડા કોઈ પણ હિલ સ્ટેશનો તરફ દોટ મુકે છે. આજકાલ સસ્તા ફોરેન ડેસ્ટીનેશનમાં વેકેશન ગાળવા પણ નિકળી પડે છે. ચિલ્લા-ચાલુ હિલ સ્ટેશનો કે ફોરેન ડેસ્ટીનેશનો આપણા દેશના ટુરીસ્ટોથી ભરાઈ જાય છે અને મોંઘું પણ પડે છે.

હવે એક નવો ટ્રેન્ડ શરૂ થયેલ છે, ઈકો ટુરિઝમ. અગાઉ કરતા હવે પર્યટન માટેની દૃષ્ટિ બદલાઈ રહેલ છે અને ઘણા પ્રવાસીઓ હવે પ્રાકૃતિક સ્થાનોની મુલાકાત લેતા થયા છે. કુદરતના પ્રેમી પ્રવાસીઓ તેમજ યુવકો-યુવતીઓ આ દિશામાં આકર્ષાઈ રહ્યા છે. જંગલોમાં ટ્રેકીંગ, માઉન્ટેનિયરીંગ, રાફ્ટીંગ, પહાડો, નદી-દરિયા કિનારે ફરવા જવું ઈત્યાદી પ્રવાસો રોમાંચ આપે છે. અમને લાગે છે, હાલમાં રિલીઝ થયેલ પિક્ચર જંગલી, જંગલ પર્યટનને પ્રોત્સાહન આપશે.

તો ચાલો આ વર્ષે વેકેશન માટે કંઈ નવું વિચારો, પ્રકૃતિની ગોદમાં પર્યટન ગોઠવો.


## NIYAPO - Revised Adervisement-Rates (Effective from 1-10-2018)

**COLOUR**

| | | Monthly Rates | | Annual Rates | |
|---|---|---|---|---|---|
| * 1) | Last Cover Page (Outside) | Rs. | 3200/- | Rs. | 35200/- |
| * 2) | Second Page (Inside) | Rs. | 2800/- | Rs. | 30800/- |
| * 3) | Last Page (Inside) | Rs. | 2800/- | Rs. | 30800/- |
| 4) | Pin Page | Rs. | 2500/- | | |

**BLACK & WHITE**

| | | | | | |
|---|---|---|---|---|---|
| * 5) | Full Page | Rs. | 850/- | Rs. | 9350/- |
| 6) | Half Page | Rs. | 500/- | | |
| 7) | Quater Page | Rs. | 200/- | | |
| 8) | Strip | Rs. | 100/- | | |

**Note : If any person gives advertisement for 12 months in advance, only 11 months payment will be collected. this concession is allowed in item No. 1,2,3 & 5 only marked. (*)**


## SRI KUTCHI MITRA MANDAL

### MAHAVIR CLINIC

| | | |
|---|---|---|
| Dr. Deepti Bhuta, MBBS | Monday to Saturday | 9am to 11am |
| Dr. Meenakshi Agarwal (Ayurved Bhishak) | Monday to Saturday | 10am to 12 noon |
| Dr. C. Roshna, BHMS Osm. | Monday to Saturday | 5pm to 7pm |

## સભ્યપદ સમિતિ

સંચાલક : શ્રી રાજુભાઈ ખીમજી મામણીયા
મો : ૯૮૮૫૦ ૩૩૦૫૦

બંધારણીય કલમ ૭/૫ મુજબ કોઈપણ સભ્ય (મેમ્બર)નું અવસાન (મૃત્યુ) થવાથી તેનુ અસ્તિત્વ સમાપ્ત થયેથી એનું સભ્યપદ બંધ થયેલુ ગણાશે.

જે સભાસદ નું અવસાન થવાથી અને જો એમના કુટુંબમાં અન્ય કોઈ વ્યક્તિ મંડળના સભ્ય ન હોય તો, સભ્યના અવસાન થી ૬ મહીના ના અંદર અતિ વિશેષ કેટેગરીમાં કુટુંબની કોઈ એક વ્યક્તિ મંડળના સભ્ય માટે નું અલ્પીકેશન કરી શકે છે.

બંધારણીય કલમ ૭/૧૦ મુજબ મંડળના સભ્ય એક વર્ષથી ત્રણ વર્ષની મુદત માટે મંડળના કાર્યક્ષેત્રથી બહાર જાય તો તેણે કારોબારી સમિતિને લેખિત જાણ કરવાની રહેશે અન્યથા તેમનું સભ્યપદ રદબાતલ ગણાશે.

---

## સમાજ ગૌરવ – SAMAJ GAURAV



### BHAKTI BORICHA

**D/o. Neepa Vimal Kumar Boricha**

HOLDS THE CURRENT 1ST RANK IN UNDER 16 AND 7TH RANK IN UNDER 18 in AITA (All India Tennis Association).
She is representing India in the junior FED CUP to be held in Bangkok from 15 th April, 2019.

She has also been selected to participate in the FRENCH OPEN (Roland-Garros Junior Wildcard series) to be held in Delhi from 29 th April 2019.

Bhakti's qualities of determination, dedication and hard work are an inspiration to all of us.

Shri Kutchi Mitra Mandal is proud of her achievements and wishes her the best in all her future endeavors.

# શાંતિવન સમિતિ

સંચાલક: હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

જણાવતા અતિ હર્ષ થાય છે તા. ૨૧-૩-૨૦૧૯ ધુળેટીના દિવસે શાંતિવન સમિતિએ વન ડે પિકનીકનો સુંદર આયોજન કરેલ જે અવિસ્મરણીય રહેશે. શ્રી કચ્છી મિત્ર મંડળથી સવારના ૭ વાગે બધા એકત્રિત થઈ ચા પાણી નાસ્તા નો લાભ લઈ માનદ્ મંત્રી શ્રી પંકજ સાવલા શ્રી રાજુભાઈ (હીરેન) પટેલની હાજરીમાં બસ દ્વારા મેદક ચર્ચ માટે રવાના થયા. મેદક ચર્ચ ને નિહાળી ઠંડા પીણાની ઠંડક માણી ત્યાંથી કુલચારામ માટે રવાના થયા. કુલચારામમાં દર્શન વંદન કરીને ભોજનશાળામાં ભોજન કરેલ. ત્યાં શ્રી ગીરીશભાઈ મોમાયાના મિત્ર સર્કલ ઈન્સપેક્ટર શ્રી તિરૂપતી રાજુ ને જાણ તથા તેઓ પધારેલ અને બપોરના ગેટ ટુ ગેધરમાં તેઓએ સંચાલકનું સન્માન શાલ ઓઢાળીને કરેલ તેમજ બધા માટે ફળ લઈ આવેલ. અમોએ પણ સ્મૃતિચિન્હ આપી એમનો સન્માન કરેલ.

વિવિધ રમતો રમાડવામાં આવી. ફ્રેમ બનાવી ફ્રેમમાં હાજર રહેલ સભ્યોના ફોટા પાડવામાં આવેલ. સુન્દર ફ્રેમ શ્રી અતુલ હંસકુમાર સાયલાએ બનાવી આપેલ. ગેસીંગ ગેમમાં ચંદ્રિકાબેન લોડાયાને ઈનામ આપવામાં આવેલ. લક્કી ડ્રો અનોખી પદ્ધતિથી કાઢવામાં આવેલ. તેમાં પ્રથમ શ્રી ભરતભાઈ મોતા, દ્વિતીય શ્રીમતી રીટા જીતેન્દ્ર ગાલા અને તૃતીય શ્રીમતી ગીતા હંસકુમાર સાયલા લક્કી રહ્યા.

શ્રીમતી હીરાબેન દંડે પોતાના તરફથી સૌથી મોટી ઉમરના ૮૫ વર્ષના શ્રીમતી પ્રભાબેન મણીલાલ સંઘોઈનો સન્માન કરેલ.

શ્રી હિતેનભાઈ સંઘોઈ, શ્રીમતી નીતાબેન માલદે અને શ્રી મહેન્દ્રભાઈ વોરાએ પ્રોગ્રામને સફળ બનાવવા સારી જહેમત ઉપાડી હતી.

સાંજના ચા નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ.

બસમાં અન્તાક્ષરી અને સ્તવનની રમઝટ જમાવવામાં આવેલ. ત્યારબાદ બધાએ હૈદરાબાદ પહોંચી હર્ષોલ્લાસ સાથે વિદાય લીધી.




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો...

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

|| JAI JINENDRA ||

**The basic requirement of a good house or a flat is a good location. It should be surrounded by ample of greenery, should have sufficient ventilation with a small park for children and car parking facility.**

**Beyond the above amenities, a house should be fully water proofed.**

**We "Naman Construction Solutions and Water Proofing Systems" provide you this requirement. We are giving this service to our community since last 10 years.**

**We take care of all the leakages and seepages of water, and dampening of the walls etc. which forms a thick moss and makes breathing very difficult.**

**We have a team of specialized and trained workers who take care of all your water proofing needs. This job is done without causing any damage or breakage to your existing structure. Our products are also branded and based on Nano technolgy.**

**We also undertake painting and colouring assignments choosing attractive colours of your choice to give a pleasant and attractive look to your living room.**

**As the monsoon is approaching very fast, we advise you to get your water proofing job done in advance. Hence do not hesitate to contact us before it is too late. We always remain at your service.**

**Thanking you...**

CONTACT

**Vardhaman D. Shah**

**Ph : 98853 41835**

**"Naman Construction Solutions and Water Proofing Systems"**

(જા.ખ.)

# શિક્ષણ સમિતિ

સંચાલિકા: શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

***"Never stop fighting until you arrive at your destined place that is, the unique you. Have an aim in life, continuously acquire knowledge, work hard, and have perseverance to realize the great life."***

**- DR. A.P.J. ABDUL KALAM**

**Wishing all the students - Best of Luck for your exams. Do something constructive in your vacations, this is the time to learn new things.**

**Applications for shikshan sahay for Needy students will be issued from 1st June 2019.**

## APPEAL

**Shikshan Samithi under its parent organization "Shri Kutchi Mitra Mandal" Hyderabad has been providing Educational Aid to our members since many years. Last year (2018) Rs. 14,64,505 (Fourteen Lakhs Sixty Four Thousand Five Hundred and Five) Shikshan Aid was distributed. Following an appeal, our members very generously donated for this cause and we collected Rs. 8,44,500/- (Eight Lakhs Forty Four Thousand and Five Hundred)**

**Till Date we also have given Interest Free Loans to 12 children for education, wherein they pay back the money in 20 monthly installments. Our aim is that no child of our samaj should forgo education for want of funds.**

### A VERY BIG THANK YOU TO ALL THE DONORS.

**We want to do more and you can help. Please note that your donations will go a long way in helping us to keep providing educational aid and at the same time you will benefit by getting Tax Exemption.**

**We hope for your continued support for this project in the current year also.**

**For Bulk SMS, Multi Colour Stickers for Marriage LOGO Designing, Broucher & Souvenir Printing**
**CHANDRAPRABHA GRAPHICS**
**Paras Ramesh Jagirdar 66680780, 40047999, 99499 81999**
(જા.ખ.)

# પ્રથમ પુણ્યતિથી



સ્વ. શ્રી ડૉ. પ્રવિણભાઈ કુંવરજી કાપડીયા

પુણ્યશાળી આત્મા
શ્રી પ્રવિણભાઈ સદા પરોપકારી હતા તમે
તમારા પ્રેમાળ અને મિલનસાર સ્વભાવને
સદા યાદ કરીશું અમે....

તમારી યાદમાં

સાળી-સાઢુભાઈ : **શ્રીમતિ ભાનુબેન નરેન્દ્ર વોરા**
ભત્રીજા-ભત્રીજાવહુ: **શ્રીમતિ અંકિતા ઉમેશ નરેન્દ્ર વોરા**
સાળી-સાઢુભાઈ તુલ્ય: **શ્રીમતિ સરલા મહેન્દ્ર વોરા**
પૌત્ર : **વૃશાંક ઉમેશ વોરા**

(જા.ખ.)




# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# માઈનારિટી સમિતિ

સંચાલક : પંકજવલ્લભજી સાવલા
ફોન: ૮૦૯૯૯ ૬૬૬૬૫

## 1) CMs Overseas Study Scheme for Minorities :

- Minority students whose family income is less than Rs. 5.00 Lakhs per annum from the sources (i.e. applicant, father & mother) are eligible.
- For Post Graduate Course : 60% marks or equivalent grade in foundation Degree for Ph.D. Courses : 60% marks of equivalent grade in P.G. Course in Engineering / Management / Pure Sciences / Agriculture Sciences / Medicine / Social Sciences / Humanities.
- He/She should have a valid TOEFL/IELTS/PTE and GRE/GMAT with the following minimum scores. 1) TOEFL - 60, 2) IELTS - 6.0, 3) GRE - 260, 4) GMAT - 500, 5) PTE - 50.
- He/She should have obtained admission in an accredited Foreign University.
- He/She should possess a valid Passport.

**(THE BENEFICIARY WILL GET THE AMOUNT OF RS. 20,60,000/-)**

## 2) SHAADI MUBARAK SCHEME :

ELIGIBILITY CRITERIA :

- The unmarried girl should have completed 18 years of age at the time of marriage.
- The Wedding of the said girl shall be on or after October 2, 2014.

INCOME CRITERIA : The combined income of the parents shall not exceed Rs. 2,00,000/- per annum. The following documents required.

- Bride's Photo
- Age Proof Certificate (SSC Memo)
- Bride's Scanned Aadhar Copy
- Bride Groom's Scanned Aadhar Copy
- Bride Mother's Scanned Bank Pass Book
- Bride's Scanned Bank Pass Book
- Income Certificate Issued by the Meeseva
- Wedding Card.

**(THE BENEFICIARY WILL GET THE AMOUNT OF RS. 1,00,116/-)**

## 3) Post Matric Scholarships (RTF & MTF) :

- The student belongs to BPL Family - Students who belongs to Minority Welfare Students who are belongs to rural area family income should be Rs. One Lakh Fifty Thousand or below. Minority Welfare Students who are belongs to urban area family income should be Rs. Two Lakhs or below.
- Students whose attendance is 75% at the end of each quarter.
- The admission will be taken by the CET convenor / DOST.
- The following Documents required : 1) SSC. Memo, 2) Income Certificate 3) Previous year Bonafieds 4) Aadhar Card 5) Ration Card (If available), 6) Bank Pass Book (Saving A/c.) 7) Present year Bonafied (along with mobile number)

**(THE BENEFICIARY WILL GET FULL FEE REIMBURSEMENT)**

The eligible members are requested to contact for Further Details to
Sri Pankaj Vallabhji Savla : 93945 53154, 80999 66665



# યોગા ક્લાસીસ

કચ્છી ભવન મધ્યે રેગ્યૂલર યોગા ક્લાસીસ
દરેક વર્ગ માટે નિ:શુલ્ક શરૂ કરવામાં આવેલ છે.
સર્વ મેમ્બરો ને જોડાવવા વિનંતી.
**સમય : સવારના ૬.૦૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી**
**સ્થળ : કચ્છી ભવન, દીપક હોલ.**
યોગ પરીક્ષકની દોરવણીમાં સંપૂર્ણ આરોગ્ય માટે
જરૂરથી લાભ લેવા વિનંતી.

Yoga Instructor : **SRI VILESH BHAI GALA.**
For details Contact :
**Pankaj H. Savla - 98497 47625**




દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઇમ-હેલ્થ ઈન્સુરેન્સ માટે
સંપર્ક કરો : **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી,
સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા. પ્ર.)

Pick up & Drop

**CHERIAN NATIONAL**
Motor Driving School (ESTD. 1962)
CONTACT : 5-9-108/109, H.A. Plaza Cellar, P.G. Road,
Nampally, Metro Piller No. A1264, Hyderabad.
Cell : 98495 84518, 80084 55467


Admission Open
SHRI KUTCHCHI MITRA MANDAL
Shanti PRIMARY SCHOOL







# વિવિધા

## બિમારી એક અભિશાપ - ડ્રાયફ્રૂટ થી મોંઘી દવાઓ

પ્રિય વાંચકો, - ''અજ્ઞાની'' મહેન્દ્ર વોરા

ગયા અંકમાં આપણે વાત કરી હતી ડોક્ટરોની હવે વાત કરીયે દવાઓની. ઉપર લખ્યા મુજબ દવાઓ ખૂબ જ મોંઘી થતી જાય છે. કંઇ પણ નાની બિમારી આવે તોય ડોક્ટરો, પરિક્ષણ ને દવાઓ પાછળ એટલો ખર્ચ થઇ જાય છે કે આર્થિક રીતે માણસ ની કમર તુટી જાય છે.

આજકાલ એલોપેથી દવાનો એટલો વપરાશ વધી ગયો છે કે દરેક જગ્યાએ દવાઓની દુકાનોનો રાફડો ફાટી નિકળ્યો છે ને મોટા પ્રમાણમાં દવાઓની ફેક્ટરીઓ ધમધમી રહી છે. દવાઓની દુકાનોમાં સતત ભીડ રહે છે. ફાર્મસી ચલાવવા જેમની પાસે તે ડીગ્રી હોય તેનેજ લાયસન્સ મળે છે પણ અહીં તો લાઈસન્સ કોઈ ના નામનું હોય ને દુકાન બીજા કોઈ ચલાવતા હોય, મહિને અમુક રકમ લાયસન્સવાળાને આપી દેતા હોય. ક્યારેક ચેકીંગ વાળા આવે તો તેને ચાંદલો ચૂકવી ને રવાના કરી દે. ભ્રષ્ટાચાર તો બધેજ છે.

વળી ઘણા ડોક્ટરો તો દવાઓ એવી લખી આપે કે પોતાની ક્લીનીક માં જ ફાર્મસી હોય ત્યાંજ મળે અથવા બાજુમાં કોઈ દુકાન હોય તો તેની પાસેજ મળે, બન્નેની મિલી ભગત હોય છે. ઘણીવાર એ ટીકડી ને કેપ્સયૂલ હોલસેલની મોટી દુકાનોમાં પણ મળતી નથી. દુકાનદાર કહે એજ દવા છે પણ કંપની બીજી છે આપું ? પણ આપણે જ ભયના માર્યા લેતા નથી. હવે તો જેનરીક દવાઓ પણ મળે છે. જે એટલી જ અકસીર હોય છે. પ્રમાણમાં ઘણી સસ્તી હોય છે છતાં તેનો જોઈએ એટલો પ્રચાર ને પ્રસાર નથી થયો કારણ કે દર્દી હજુ લેતા અચકાય છે. આજ કાલ તો ખાવા પીવાની વસ્તુઓમાં ભેળસેળ થાય છે તો અટલી મોંઘી દવાઓમાં મિલાવટ ન થાય તે માની ન શકાય. તેમાં જેટલી મોંઘી દવાઓ તેટલી તેની આડ અસર વધારે તે એ આડઅસર થી રાહત માટે વધારા ની ટેબ્લેટ ખાવાની. એક સ્વજનના મોટા ઓપરેશન પછી પીડા હળવી કરવા વધુ પાવરની વીસ ટેબ્લેટ નો પત્તો તેજ હોસ્પીટાલમાં લેતા હતા જેમાં તેઓ દસ ટકા ડિસ્કાઉન્ટ ની મહેરબાની કરતા હતા. તેની કિંમત ડિસ્કાઉન્ટ પછી અંદાજે સાડાનવ (૯૫૦૦) હજાર થતી હતી પછી અમારા એક હિતેચ્છુ એ અહીં તહીં તપાસ કરી ઓળખાણ કાઢી ને એજ ટેબ્લેટનો પાનો બાવન સો (૫૨૦૦) માં મળ્યો. વિચારીયે તો મગજ બ્હેર મારી જાય, કેટલી બધી બેઈમાની ? હોટલો કરતાં વધારે સુશોભિત એ હોસ્પીટાલોની ઈમારતો પાછળ ન જાણે કેટલાય લોકો ની પસીનાની કમાણીને બચત વપરાઈ ગઈ હશે.

એના પર્યાયમાં આયુર્વેદિકને હોમીયોપથી ત્યા યૂનાની દવાઓ છે જેને થોડો સમય લાગે છે ને લાંબે ગાળે દવા કામ આવે છે. પણ આપણામાં હવે ધીરજ નથી, જલ્દી જલ્દી નરવા થઈ જવું છે. આપણી સામાજીક તથા સેવાસંસ્થાઓ ન જેવા દરે દવાખાના ચલાવે છે જે આપણને આશીર્વાદ રૂપ છે. ઈંગ્લીશ દવામાં વધારે વપરાશથી તેની આડઅસર હાર્ટ ને કિડ્ની ને થાય છે, એ ડોક્ટરો પણ સ્વીકારે છે. પહેલાં સાજા થવા મોંઘી દવાઓ ખાવાની ને સમય જતાં શરીર પણ આપણા જ ખરાબ કરવા. શારિરીક ને આર્થિક બન્ને રીતે આપણુંજ નુકશાન વળી. બી.પી., ડાયાબીટીસ જેવા ઘણા રોગોમાં તો આજીવન ટીકડીઓ ઉપર જ જીવવું પડે છે. એકવાર દવાની ચુંગલમાં ફસાયા તો એ ચક્રવ્યુહ માંથી બહાર નથી નિકળી શકાતું. પ્રભુને એજ પ્રાર્થના કે કોઈ ને બિમારી નહીં આપતો. નાન પણમાં સાંભળેલી આંધળીમાંના પત્રની બે લાઈનો

*હોટલમાં તું જાજું ખાઈશ ના બેટા, રાખજે ખર્ચીનું માપ*
*દવા દારૂના રોકડા (રૂપીયા) આપણે કાઢીશું ક્યાં થી બાપ*
*કાયા તારી રાખજે રૂડી (સારી), ગરીબોની એજ છે મૂડી (સંપતિ).*

9885216886 8247242463
the_matrix10_

THE MATRIX

Virtual Reality Gaming Arena

Experiences & Games for all Age Groups
Visit with family and friends and
ENJOY A NEW WORLD AWAY FROM REALITY
BIRTHDAY & KITTY PARTY □ AC□ AGES □ VAILA□ LE
Bring the Picture of this to get an
Special offer of 1 + 1 Game Free

1st Floor,Beside Ratnadeep super Market
Opp MRK Tiffins, Kachiguda Stn Road.
(જા.ખ.)





**Donate Eyes - Live Twice**

abha
be gorgeous

Ladies Beauty Parlour
&
Makeup Studio
by
Bhavini Patel

Address : 3-4-58/2, Opp. Raghavendra Temple,
Kachiguda, Hyderabad - 500 027. Ph : 99081 83870
(જા.ખ.)

KE Estd. 1980
किरण इलेक्ट्रोनिक्स | કિરણ ઈલેક્ટ્રોનિક્સ | కిరణ్ ఎలక్ట్రానిక్స్ 9394 55 8636
www.kiranelectronicshyd.com

INDUSTRIAL ELECTRONIC COMPONENTS & TOOLS

(જા.ખ.)
80747 21999 संघवी ब्रदर्स | સંઘવી બ્રધર્સ | సంఘవి బ్రదర్స్
Website: www.sanghvibrothershyd.com
Estd:1979

## ખાસ વડિલો માટે.....

– રમેશ મણીલાલ શાહ

અવારનવાર આપણે સાંભળીએ છીએ કે ફલાણા વડિલ બાથરૂમમાં પડી ગયા – ફ્રેક્ચર થઈ ગયેલ છે. ફલાણા બેનનો પગ મચકોડાઈ ગયેલ છે કે કોઈ પડી જતા સાથળના બોલમાં તડ પડી ગયેલ છે. બધા વડિલોને આ સમસ્યા સતાવે છે અને સાવધાની રાખવી જરૂરી છે.

સાઠ વર્ષની ઉંમર પછી આપણું મન ભલે યુવા હોય, સ્ફુર્તિલો હોય પણ શરીર તેવોજ સાથ આપે એમ સમજી લઈએ તે કદાચ આપણો વધારે પડતો આત્મ વિશ્વાસ સમજાય. હકિકતમાં ઢળતી ઉંમર સાથે શરીરની શક્તિ ઓસરતી જાય છે. ઢળતી ઉંમરમાં હાડકા તેમજ જોઈન્ટસ નબળા પડતા જાય છે. આપણે ક્યારેક ભ્રમમાં રહીએ છીએ કે આ કામ તો હું ચુટકીમાં કરી લઈશ. પણ સચ્ચાઈ ને સામે આવતા વાર નથી લાગતી. પણ તે દરમ્યાન અકસ્માત થઈ જવાની શક્યતા બની રહે છે અને કદાચ શારીરીક ક્ષતિમાં પરિણમે છે. જેમને હમેશા હડબડીમાં કામ કરવાની આદત હોય તે વડિલ ધ્યાન રાખે અને આદત બદલાવે. ભ્રમમાં ન રહો, સાવધાની રાખો અને ખ્યાલમાં રાખો કે હવે પહેલા જેવા સ્ફુર્તિલા તમે નથી રહ્યા.

સિનિયર સિટિજન થતા આપણે કઈ બાબતો ધ્યાન રાખવી જોઈએ તેની ટિપ્સ નીચે જણાવેલ છે.

❖ સવારના ઉંઘ ખુલતા બિછાનો છોડી તુરંત ઉભા ન થઈ જવું કેમકે આંખ ભલે ખુલી જાય પણ શરીર તથા નસોમાં રક્તપ્રવાહ ચેતનવંતો નથી થયો હોતો. એટલે બીછાનામાં થોડી વાર બેસી રહો, બેઠે બેઠે પગમાં સ્લીપર પહેરો અને પછી ટેબલ કે કોઈ ચીજને પકડીનેજ ઉભા થાવ. એવા કિસ્સા બન્યા છે કે બીછાનો છોડી અચાનક ઉભા થતા પગ ડગમગી જતા પડી ગયા હોય.

❖ પડી જવાની વધારે પડતી ઘટનાઓ બાથરૂમ ટોયલેટમાંજ બનતી હોય છે. તમે એકલા રહેતા હો કે સંયુક્ત પરિવારમાં, પણ બાથરૂમમાં તમે એકલાજ રહેશો. જો તમે ઘરમાં એકલાજ રહેતા હો તો તમારે વધારે સાવધાની રાખવી જરૂરી છે કેમકે જો અકસ્માત થઈ જાય તો દરવાજો તોડીને જ કોઈ તમને મદદ કરવા પહોંચી શકે તે પણ તમે પડોસીને સુચના આપવામાં સફળ થયા હો. આજે તો મોબાઈલ હોય છે તો એકલા વડિલ મોબાઈલ સાથે રાખે તો ઉપયોગી બને. બીજું દેશી કમોડને બદલે ઉભું કમોડ વાપરવું હિતાવહ છે. તે ઉપરાંત કમોડની પાસે ટેકા માટે એક હેન્ડલ રાખવું જરૂરી છે.

❖ બાથરૂમમાં નાવા માટે ઉંચા સ્ટુલ ઉપર બેસીને નહાવું જોઈએ. બાથરૂમની ફર્સ ઉપર રબરની મેટ જરૂર રાખવી કે જેથી ટાઈલ્સ ઉપર લપસીને પડી ન જવાય. બીજું ભીના હાથે દિવાલની ટાઈલ્સનો સહારો ન લે, હાથ ફીસલી જવાની શક્યતા રહે. બાથરૂમની બહાર કોટનનો ટુવાલ કે પગલુછણું જરૂર રાખવું જેથી ભીના પગ સુકાઈ જાય.

❖ નાહ્યા પછી કપડા બેડરૂમ કે ચેન્જ રૂમ હોય તેમાંજ પહેરવા. અંડરવેર, પાયજામા કે પેંટ ઉભા ઉભા ન પહેરવા. હંમેશા દિવાલનો ટેકો લઈ અથવા બેઠા બેઠા પાયજામા / પેન્ટની બાંઓમાં પગ નાખવા. ઉભા ઉભા પહેરતા બેલેન્સ ચુકી જવાનો ડર રહે છે.

❖ આપણી રોજની જરૂરી ચીજો તેની નક્કી કરેલી જગ્યાએજ રાખવાની કોશિષ કરવી જેથી તે સહેલાઈથી

# SHIPS ACADEMY / CONCEPT CLASSES

SHIPS

FOR **CMA & CA**

SRI HARITHA INSTITUE OF PROFESSIONAL STUDIES

## EXCLUSIVE CMA & CA COACHING

The Best

Coaching | Material | Result

**CMA**

FOUNDATION

INTER FINAL

**CA**

CPT / FOUNDATION

IPCC / INTERMEDIATE

- EXCLUSIVE CHAPTER WISE TEST SERIES & GRAND TEST WITH MCQ'S PRACTICE
- Concept based teaching / Experienced and committed faculty at one place
- Class notes will be provided based on Work Book form / Timely completion of portion
- A/C class rooms & Study hours & library facility available after class time
- CA-CPT Batch from 18-03-2019 for June 2019 Exam
- CMA-Foundation Batch from 18-03-2019 for June 2019 Exam
- CA-Foundation Batch from 23-05-2019 for Nov 2019 Exam

Contact Us !

+91 40 2765 5300, +91 98495 65300

shipsacademycma@gmail.com

2-1-133/2, B.M.R. Complex, Adj. to Fever Hospital Lane,
NALLAKUNTA, Hyderabad.

(જ.મ.)

મળી શકે. ભુલવાની આદત હોય તો જરૂરી ચીજોનું લીસ્ટ બનાવી રાખવું અને બહાર જાતી વખતે તે ઉપર નજર કરી લેવી જેથી બહાર જતા જરૂરી ચીજ ભુલાઈ ન જાય.

❖ જે દવાઓ રોજ લેવાની હોય તે રોજ રોજની અથવા અઠવાડિયાની કાઢી પ્લાસ્ટીકની ડબ્બીમાં રાખી દેતા દવા લેવામાં ભુલ ન થાય. ક્યારેક આપણે દવા લીધી કે નહીં તે ભુલાઈ જાય છે, તો ક્યારેક બે વાર ભુલથી લેવાઈ જાય તો તકલિફ થઈ જાય.

❖ સીડીઓ ચડતા કે ઉતરતા (આપણે ભલે વિશ્વાસ હોય તો પણ) રેલિંગનો સહારો જરૂરથી લેવો. વધતી વય સાથે તમે જે નિત્યક્રમ કરતા હો તે જરૂરથી કરતા રહો. કંઈ નહીં તો પોતાનું કામ પોતેજ કરવાની કોશિષ કરવી.

❖ ઘર કે બહાર, હુકમ કરવાની આદત હોય તો તે છોડવી ઈચ્છવા યોગ્ય છે. ઘરમાં તમારાથી નાના કુટુંબી સભ્યોને સલાહ સુચન કે ટોકવાનો સ્વભાવ હોય તો સુખી રહેવા માટે તે બંદ કરવું જરૂરી છે. યાદ રાખીએ કે આપણે બધા પરિવારના સભ્યો સાથે એડજસ્ટ કરી રહેવાથી આપણે તથા બીજા આનંદથી રહી શકશું.

❖ શરીર લચીલો રાખવા માટે હલકી ફુલકી કસરત જરૂરથી કરતા રહેશો.

❖ મનગમતું સાહિત્ય વાંચન જરૂરથી રાખશો. તે ઉપરાંત મિત્રો સાથે હળવા મળવાનું કરતા મન પ્રફુલિત રહેશે.

# कैसा हो घर का वास्तु स्वर्गीय अटलजी की जुबानी

घर चाहे कैसा भी हो...
उसके एक कोने में...
खुलकर हंसने की जगह रखना...

सूरज कितना भी दूर हो...
उसको घर आने का रास्ता देना...

कभी कभी छत पर चढ़कर...
तारे अवश्य गिनना...
हो सके तो हाथ बढ़ा कर...
चाँद को छूने की कोशिश करना...

अगर हो लोगों से मिलना जुलना...
तो घर के पास पड़ोस जरूर रखना...

भीगने देना बारिश में...
उछल कूद भी करने देना...

हो सके तो बच्चों को...
एक कागज की किश्ती चलाने देना...

कभी हो फ़ुरसत, आसमान भी साफ हो...
तो एक पतंग आसमान में चढ़ाना...
हो सके तो एक छोटा सा पेंच भी लड़ाना...

घर के सामने रखना एक पेड़...
उस पर बैठे पक्षियों की बातें अवश्य सुनना...

घर चाहे कैसा भी हो...
घर के एक कोने में...
खुलकर हँसने की जगह रखना

चाहे जिधर से गुजरिये
मीठी सी हलचल मचा दिजिये

उम्र का हरेक दौर मजेदार है
अपनी उम्र का मजा लिजिये

जिंदा दिल रहिए जनाब,
ये चेहरे पे उदासी कैसी
वक्त तो बीत ही रहा है, उम्र की ऐसी की तैसी

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ઓટસ મખાના લાડુ
ગોળ પાપડી
ગોળીયા લાડુ
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા, મેથી મસાલા ખાખરા, ચોરાફળી ખાખરા, સાદા ખાખરા, ઘી ખાખરા, મઠના ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA**
**89857 59320, 82477 89295**

(જા.ખ.)

# બીજાના દુઃખમાં કેવી રીતે વર્તવું ?

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

જિંદગીમાં દરેક માણસે મુસીબતનો સામનો કરવો જ પડે છે. માણસ ગભરાઈને એનો સામનો કરે એના બદલે બહાદુરી પૂર્વક એનો સામનો કરે તો એમાં એને સફળ થવાની અનેક તકો હોય છે. માણસ ઉપર મુસીબત આવી પડે ત્યારે શાંતિથી સ્વસ્થતાથી આશાવાદી બનીને એનો મુકાબલો કરી શકે છે.

પરંતુ મુસીબત આપણા સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો કે અન્ય લોકો ઉપર આવે ત્યારે આપણે તેમને કઈ રીતે મદદ રૂપ થઈ શકીએ તેનો વિચાર કરવો જોઈએ. બીજાના દુઃખમાં આપણે કઈ રીતે વર્તવું જોઈએ એ દરેક સંસ્કારી માણસો જાણતા જ હોય છે, પણ અહીં હું એ બાબત થોડી ટિપ્પણી કરું છું.

સૌથી પહેલાં તો એ ધ્યાન રાખજો કે જ્યારે કોઈ મિત્ર-સંબંધી કે સગાંવહાલાં દુઃખી હોવાનું જાણવા મળે ત્યારે એમના એ દુઃખને ક્યારેય સામાન્ય ગણશો નહીં. મનુષ્ય સ્વભાવ એવો છે કે પોતાનું નાનું સરખું દુઃખ પણ માણસને મોટું લાગતું હોય છે. અને બીજાનું દુઃખ એને સામાન્ય લાગતું હોય છે. ઘણાં માણસોને બીજાના દુઃખને હસી કાઢવાની ટેવ હોય છે તો એવું ક્યારેય કરશો નહીં, બીજાના દુઃખને નાનું ગણવાથી તેને હંમેશાં માઠું લાગે છે. હા, એના ઉપર આવેલી વિપત્તિને પહોંચી વળાશે એવી હિંમત જરૂર આપશો. મુસીબત કાયમ રહેતી નથી એટલે જરૂર એને પહોંચી વળાશે એમ કહીને મદદ રૂપ થજો. મદદ રૂપ થઈ શકાય એવું ન હોય તો ચૂપ રહેજો.

હંમેશાં સ્વજનોને હૃદયપૂર્વક મદદ કરવી. અને એ માટે દુઃખમાં આવી પડેલ માણસને શિખામણ આપવાની ચેષ્ટા કરવાના બદલે નક્કર મદદ કરવી. નક્કર મદદ એટલે તન, મન, ધનથી શક્તિ હોય એટલી મદદ કરવી. કોઈ માણસ પાણીમાં ડૂબતો હોય ત્યારે ડાહ્યા માણસો બચાવની તૈયારી રાખીને જ પાણીમાં પડે છે એવું જ્ઞાન આપવાને બદલે જો આપણાથી થઈ શકે તો તેને ટેકો આપીને પાણીમાંથી બહાર કાઢવાનું કામ કરવું જોઈએ. એ વખતે શિખામણ આપીને આપણી વિદ્વતા કે આપણું જ્ઞાન પ્રગટ ન કરવું જોઈએ.

ઘણા માણસોને એવી ટેવ હોય છે કે, કેવી બેદરકારીને કારણે કે ભૂલને કારણે પેલી દુઃખી વ્યક્તિ ઉપર દુઃખ આવી પડ્યું છે તેનું વિવરણ કરતા હોય છે. કોઈને વેપારમાં ખોટ જાય ત્યારે તમે જો આમ ન કર્યું હોત તો આમ ન થાત અથવા તો તમે આવી ખરીદી કરી એ જ તમારી ભૂલ હતી એમ કહેવું એ એના ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું છે. મોટે ભાગે દુઃખમાં આવી પડેલ માણસને પોતે શા માટે એવી મુસીબતમાં આવી ગયેલ છે એની ખબર હોય જ છે. એને એની ભૂલ સમજાવવામાં માણસે પોતાનું ડહાપણ વાપરવાની જરૂર હોતી નથી. મુશ્કેલીમાં મુકાયેલ વ્યક્તિને શિખામણ આપવી એ તો તેને નવું દુઃખ આપવા બરાબર છે. જો એને મદદરૂપ થઈ શકાય તેમ ન હોય તો તેને સાંત્વન આપીને જ માણસે સંતોષ માનવો જોઈએ.

દુઃખી કે મુસીબતમાં આવી ગયેલ માણસ પાસે જઈને ક્યારેય નિરાશાજનક નાકારાત્મક વાતો ન કરવી જોઈએ. ગંભીર બીમારીમાં પટકાઈ પડેલા દર્દીની ખબર પૂછવા જનારે ક્યારેય એવી વાત ન કરવી જોઈએ કે એ બીમારીમાં કેટલા દર્દીઓનાં મૃત્યુ થયા છે, કે એમની બીમારી કેટલી ગંભીર અને જીવલેણ છે પણ એવી વાત જ કરવી જોઈએ કે જેથી દર્દીના મનમાં નવી આશાનો સંચાર થાય.

એવા સમયે માણસે પોતાનું જ્ઞાન પ્રદિર્શિત ન કરવું જોઈએ. કોઈને સામાન્ય ગાંઠ થઈ હોય તો એમાંથી કેન્સર થઈ જવાનો ભય રહે છે અથવા તો દાંતનો દુઃખાવો થયો હોય તો દાંતમાં સેપ્ટીક થઈ જવાથી તેનો ચેપ મગજમાં લાગી શકે છે અને મેનેન્જાઈટીસ થઈ શકે છે તેવી વાતો સાચી હોય તો પણ ન કરવી જોઈએ.

ઘણાં માણસોને દુ:ખમાંથી સુખ શોધી કાઢવાની કલા હસ્તગત હોય છે તો ઘણા માણસોને સુખમાંથી દુ:ખ શોધી કાઢવાની આદત હોય છે. આવા નિરાશાવાદી માણસો પોતાની નિરાશાનો ચેપ બીજાને પણ લગાડે છે. કોઈના દુ:ખને દૂર કરવા માટે એનામાં નવું જીવન ન પૂરી શકો તો કંઈ નહીં પણ એને નિરિશાનો ચેપ તો ક્યારેય લગાડશો નહીં.

કેટલાક માણસો એવા હોય છે કે મુશ્કેલીમાં સપડાઈ જનાર માણસને મદદ તો કરે છે પણ એ મદદ એને માર કરતાં પણ વિશેષ વાગે છે. આવા માણસો મદદ કર્યા પછી મુશ્કેલીમાં આવી પડેલાની હાજરીમાં જ એવી રીતે જાહેરમાં દયા ખાય છે કે એ દયાના શબ્દો એમને બાણથી યે વધારે વાગે છે. પણ મદદ લીધી હોય છે એટલે નીચું માથું કરીને એ બધું સાંભળી લે છે. પરંતુ, એવી સ્થિતિ કોઈને ગમતી નથી. બીજા ઉપર ઉપકારભાવ ચડાવીને મદદ કરનાર વ્યક્તિ તરફ મદદ લેનાર વ્યક્તિને આભારની લાગણીના બદલે ધિક્કારની લાગણી જન્મે છે. મદદ કરો ત્યારે દયાનું પ્રદર્શન ક્યારેય ન કરો. એથી આખી વાત હલકી થઈ જાય છે.

કેટલાક માણસો પોતાની જિંદગીના બે-પાંચ સારાં કામોને વર્ષો સુધી વાગોળ્યા કરે છે. અને જ્યારે તક મળે ત્યારે, આ રમણીકભાઈને જ પૂછો, બાણુંની સાલમાં એમને જ્યારે ખોટ ગઈ ત્યારે રાત્રે જ ચેકબુક લઈને હું એમના ઘરે પહોંચી ગયેલો, એવું ગાણું ગાયા જ કરે છે.

કોઈ પર ઉપકાર કર્યા પછીની આવી ટેવો, કોઈક માણસને સારૂં ભોજન જમાડયા પછી તમાચો મારવાની ટેવ જેવી છે. તમે મદદ લેનાર માણસનું મૂળ દુ:ખ તો હળવું કરો છો, પણ આ ઉપકારનું દુ:ખ જિંદગીભર એણે વેંઢારવાનું છે, એવું જ્ઞાન જ્યારે એને થાય છે ત્યારે એ વધારે દુ:ખી થઈ જાય છે.

મદદ કરનારે પોતાની શક્તિ હોય એટલી જ મદદ કરવી જોઈએ લેનાર અને દેનાર તો જ એનો ભાર વેંઢારી શકે છે અને એનું ઓછામાં ઓછું પ્રદર્શન થાય છે લેનાર અને દેનાર બંનેને એ ગૌરવ આપે છે. દુનિયાનું દરેક દુ:ખ સારી વર્તણૂકથી રુઝાઈ શકે છે.

# સગપણ સેતુ

હાલની સગપણ સમસ્યાને ધ્યાનમાં લઈને નિયાંપોમાં મંડળના લગ્નોત્સુક ઉમેદવારો માટે સંક્ષિપ્તમાં બાયોડેટા નિ:શુલ્ક છાપવાનું નક્કી કરેલ છે. મંડળનાં જે કોઈ સભ્યોને આનો લાભ લેવો હોય તેઓ સાથે આપેલ બોક્ષની વિગત મહિનાની ૨૫ તારીખ સુધી મોકલાવી આપતા આગામી અંકમાં તે છાપવામાં આવશે.

ઉમેદવારનું પુરૂ નામ ..............................

કચ્છમાં ગામ ..............................

દાદા ..............................

નાનાણા .............................. ગામ ..............................

જન્મ તા. .............. જન્મ સ્થળ .............. જન્મ સમય ..............

હાઈટ .............. વજન .............. બ્લડ ગ્રુપ ..............

PHOTO

અભ્યાસ ..............................

વ્યવસાય ..............................

ઈ-મેલ : ..............................

વિશેષ માહિતી : ..............................

સંપર્ક નામ : .............................. ફોન નં : ..............................

નોંધ : જા.ખ.ની વિગત બોક્ષમાં યોગ્ય સાઈઝમાં છાપવામાં આવશે.



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last Month's Quiz : -**

| | | | |
|---|---|---|---|
| 1) | Garbage | 2) | Luggage |
| 3) | Rage | 4) | Cage |
| 5) | Beverage | 6) | Village |
| 7) | Message | 8) | Bandage |
| 9) | Mortgage | 10) | Wage |
| 11) | Stage | 12) | Cabbage |
| 13) | Marriage | 14) | Cottage |
| 15) | Language | | |

**The persons who have given correct answers are :**

Alka Nilesh Savla
Ankita Umesh Vora
Bhavin Narendra Mavji Gala
Chaitali Shah
Chhaya Sanjay Lalka
Dhanvi Arun Mota
Dhrupti Himeshkumar Dodhia
Dipti Atul Sayla
Geeta Shah
Heena Vijay Dedhia
Heena Vipul Gala
Jayant M. Vora
Jyoti Laxmichand Nagda
Kalpana D. Mehta
Mamta Hitesh Chawda
Mittal Piyush Shah
Mayank A. Pasad
Moksh A. Pasad
Neena Dharod
Nilesh Navinchand Nagda
Neepa Boricha
Nehal Mitesh Mota
Parul Niting Boricha
Priti Pankaj Savla
Prachi Mayur Visaria
Pragna Mehta
Rajyashree Mahajani
Susheela Kapadia
Shaila Shah (Latur)
Sonal Piyush Gosar
Uma Jethwa
Vaishali Kamlesh Rambhia
Vinod J. Shah
Vaishali Kapadia
Vibha N. Shah
Vaishali Kumar Dedhia
Yukta Heniya

**QUIZ FOR THE MONTH**

**Following are the symbols of some important political partis. please give the names of parties to whom the symbols belong.**

| | Symbols | Name of Parties |
|---|---|---|
| 1) |  | ____________ |
| 2) |  | ____________ |
| 3) |  | ____________ |
| 4) |  | ____________ |
| 5) |  | ____________ |
| 6) |  | ____________ |
| 7) |  | ____________ |
| 8) |  | ____________ |
| 9) |  | ____________ |
| 10) |  | ____________ |
| 11) |  | ____________ |
| 12) |  | ____________ |

**As usual, please send your answers by whatsapp to the abovementioned mobile number on or before the end of April 2019.**


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 2967 4007/8/9